# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૦/૫/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત મધ્યપ્રદેશના સ્થાનિક તંત્રની ટીમે ચેમ્બરની સાથે બેઠક યોજી

સુરત. મધ્યપ્રદેશમાં લોકસભાની સામાન્ય ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થઇ શકે તે માટે સ્થાનિક તંત્રની ટીમ આજરોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાતે આવી હતી. સુરતમાં ખાસ કરીને ટેક્ષ્ટાઇલ, ડાયમંડ અને કન્સ્ટ્રકશન ક્ષેત્રમાં નોકરી કરતા મધ્યપ્રદેશના નાગરિકોમાં મતદાન પ્રત્યેની જાગૃકતા કેળવવા માટે ચેમ્બર દ્વારા સહકાર આપવામાં આવે તેમ ટીમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. ચેમ્બરે પણ ટીમને સંપૂર્ણ સહકાર આપવાનું જણાવ્યુ હતુ.

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં કુક્ષી ખાતે જનપદ પંચાયતમાંથી મુખ્ય કાર્યપાલક અધિકારી શ્રી મોતિલાલ કાગ તેમની ટીમના આસિસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર શ્રી વિજય સોલંકી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર – ધારના આસિસ્ટન્ટ મેનેજર શ્રી શૈલેન્દ્ર વિશ્વકર્મા, સેક્રેટરી પ્રદીપ બાગેલ અને શ્રી નિરજ દૈયા સાથે ચેમ્બરમાં બેઠક કરી હતી. શ્રી મોતિલાલ કાગે જણાવ્યુ હતુ કે, આગામી તા. ૧૨ અને ૧૯ મે ૨૦૧૯ના રોજ મધ્યપ્રદેશના ચાર જિલ્લામાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. મધ્યપ્રદેશના વતની સુરત તથા ગુજરાતના અન્ય વિસ્તારોમાં સ્થાયી થયા છે. સુરતમાં ખાસ કરીને ટેક્ષ્ટાઇલ, ડાયમંડ અને કન્સ્ટ્રકશન ક્ષેત્રમાં નોકરી કરે છે. જો કે મધ્યપ્રદેશનું નાગરીકત્વ ધરાવતા હોવાથી તેઓ મતદાન કરી શકે તેના માટે તેમનામાં જાગૃતિ લાવવા માટે ચેમ્બર દ્વારા સહકાર મળે તેવો અનુરોધ વ્યકત કર્યો હતો.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, મતદાન જાગૃતિ અભિયાનને વધુ વેગવાન બનાવવા માટે ચેમ્બર દ્વારા પૂરતા પ્રયાસ કરવામાં આવશે. ચેમ્બરની સાથે ૧૦૦થી વધુ એસોસિએશનો જોડાયેલા છે. એ તમામ એસોસિએશનોને લેખિતમાં ચેમ્બર દ્વારા પત્ર પાઠવીને તેમની ઇન્ડસ્ટ્રીમાં કામ કરતા મધ્યપ્રદેશના નાગરિકોને મતદાન પ્રત્યેની તેઓની ફરજ અદા કરવા માટે મોકલવા જણાવવા અનુરોધ કરવામાં આવશે.